બોલિવૂડ-હોલિવૂડ

બોલ્ડ ફોટોશુટના કારણે દિપિકા ટોલર્સનો શિકાર

મુંબઈ, બોલિવુડની સુપરસ્ટાર અભિનેત્રી દિપિકાના બોલ્ડ ફોટોશુટના કારણે જાણીતા ફિલ્મ નિર્માતા સંજય લીલા પણ ભારે નાખુશ દેખાઈ રહ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ સંજય લીલાની ફિલ્મ પદ્માવતિમાં દિપિકા ટાઈટલ રોલ કરી રહી છે. આવી સ્થિતીમાં સંજય લીલા ફિલ્મને લઈને હવે કોઈ નવો વિવાદ થાય તેમ ઈચ્છતા નથી. દિપિકા નવા ફોટોશુટમાં ખુબ નાના શોર્ટસામાં નજરે પડી રહી છે. હવે સંજય લીલા પણ નારાજ હોવાના હેવાલ મળ્યા છે. દિપિકાને હાલમાં જ એક બોલ્ડ ફોટોશુટના કારણે ટ્રોલર્સનો શિકાર થવાની ફરજ પડી હતી. હકીકતમાં સંજય લીલા હાલ પદ્માવતિમાં વ્યસ્ત છે. આ ફિલ્મમાં તેની સાથે રણવીર સિંહ અને શાહિદ કપુરની મુખ્ય ભૂમિકા છે. સંજય લીલાની આ પિરિયડ ડ્રામા ફિલ્મને લઈને પહેલા પણ હોબાળો થઈ ચુક્યો છે. ફિલ્મમાં દિપિકા શાનદાર રોલમાં છે. રાની પદ્માવતિના રોલને લઈને પહેલાથી જ વિવાદ થયો છે ત્યાર સંજય લીલા હવે કોઈ વિવાદ થાય તેમ ઈચ્છતા નથી. જેથી સંજય લીલા દિપિકાના નવા ફોટો શુટને લઈને નાખુશ છે. ફિલ્મ સાથે જોડાયેલા સુત્રોએ કહ્યુ છે કે પદ્માવતિમાં દિપિકા ઐતિહાસિક અને પડકારરૂપ રોલમાં નજરે પડી રહી છે. ફિલ્મની રજૂઆતની તૈયારી ચાલી રહી છે ત્યારે સંજય લીલા આ પ્રકારના ફોટોશુટ રજૂ કરતા ખુશ દેખાઈ રહ્યા નથી. સંજય લીલાને લાગે છે કે કેટલાક લોકો ફિલ્મ પર આંગળી ઉઠાવી શકે છે. અત્રે નોંધનીય છે કે ફિલ્મને લઈને પહેલા રાજસ્થાનમાં હોબાળો થયો હતો. જેથી શુટિંગને રદ કરવાની ફરજ પડી હતી. સંજય લીલા પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. જેથી હવે તેઓ કોઈ જોખમ લેવા માંગતા નથી. સાવધાનીપૂર્વક આગળ વધવા માંગે છે.

બોલ્ડ- સેક્સી સીન કરવામાં રાધિકાને કોઈ જ વાંધો નથી

મુંબઈ, બોલિવુડની બોલ્ડ અને સેક્સી સ્ટારમાં સામેલ રાધિકા આપ્ટેએ કહ્યુ છે કે જો સારી અને મજબુત પટકથા મળે તો તે સેક્સી સીન પણ કરી શકે છે. હાલમાં રાધિકા બે ફિલ્મમાં કામ કરી રહી છે. જે પૈકી એક ફિલ્મ અક્ષય કુમારની સાથે પૈડમેન છે અને અન્ય એક ફિલ્મ ભાવેશ જોશી છે. આ ફિલ્મમાં તેની સાથે હર્ષવર્ધન કામ કરનાર છે. આપ્ટેને તેના બોલ્ડ અંદાજ માટે ઓળખવામાં આવે છે. તેનુ કહેવુ છે કે સારી પટકથાવાળી ફિલ્મો કરવા માટે તે ઉત્સુક છે. વર્ષ ૨૦૧૬માં રજૂ કરવામાં આવેલી ફિલ્મ પાચર્ડમાં તેની બોલ્ડ ભૂમિકાને અમે જોઈ ચુક્યા છીએ. રાધિકા આપ્ટે અક્ષય કુમારની સાથે પૈડમેન નામની ફિલ્મમાં કામ કરી રહી છે. ફિલ્મમાં અક્ષય કુમાર અરૂણાચલ પ્રદેશના મુરુગનાથમના રોલમાં નજરે પડનાર છે. આ વ્યક્તિએ એવી મશીન બનાવી હતી જેના કારણે ઓછી કિંમતમાં સેનિટરી નેપકિન બનાવી શકાય છે. સાથે સાથે સમગ્ર ભારતમાં ગામમાં મહિલાઓને સરળતાથી પેડ મળી શકે છે. તાજેતરમાં જ એક ઈન્ટરવ્યુમાં રાધિકાએ કહ્યુ હતુ કે ભારતમાં આજે પણ સેક્સ અને પિરિયડ પર વાત કરવાને લઈને અયોગ્ય સમજવામાં આવે છે. રાધિકાએ પોતાનો અભિપ્રાય આપતા કહ્યુ હતુ કે અમારા દેશમાં સેક્સુઅલ અને ફિજિકલ ચીજોને યોગ્ય ગણવામાં આવતી નથી. રાધિકાએ કહ્યુ છે કે લોકોની સામે પેડને સ્પર્શ કરવામાં કોઈ ખચકાટ હોવી જોઈએ નહી.

ફિલ્મમાં અક્ષય કુમાર અને રાધિકા ઉપરાંત સોનમ કપુર પણ કામ કરી રહી છે. ફિલ્મના નિર્દેશક તરીકે આર બાલ્કી છે. ફિલ્મની પટકથા અક્ષય કુમારની આસપાસ ફરે છે. અક્ષય કુમારની ફિલ્મ વર્ષ ૨૦૧૭માં જ રજૂ કરવામાં આવનાર છે.

ટાઈગર જિન્દા હેને વહેલી તકે પૂર્ણ કરવા તૈયારી જારી

મુંબઈ, બોલિવુડમાં સુલતાન તરીકે જાણીતા અને હાલમાં સૌથી સફળ અભિનેતા તરીકેની છાપ ધરાવનાર સલમાન ખાનની ટાઈગર જિન્દા હે ફિલ્મના શુટિંગને ઝડપથી આગળ વધારી દેવામાં આવ્યુ છે. આ ફિલ્મમાં સલમાન ખાનની સાથે કેટરીના કેફની જોરદાર કેમિસ્ટ્રી જોવા મળનાર છે. ટ્યુબલાઈટના શુટિંગને પૂર્ણ કરી લેવાયા બાદ હવે ટાઈગર જિન્દા હેનુ શુટિંગ શરૂ કરાયુ છે. સલમાન રેમો ડિસુઝાની ફિલ્મ ત્યારબાદ કરનાર છે. ચાહકો માટે સારા સમાચાર છે. કારણ કે સલમાન ખાન પાંચ વર્ષના લાંબા ગાળા બાદ ફરી એકવાર કેટરીના કેફ સાથે કામ કરવા જઈ રહ્યો છે. સલમાન ખાન અભિનિત ટાઈગર જિન્દા હેનુ શુટિંગ ચાલી રહ્યુ છે. આ ફિલ્મ કેટલાક કારણોસર ચર્ચામાં છે. કારણ કે ફિલ્મમાં તેની સાથે ખુબસુરત કેટરીના કેફ કામ કરી રહી છે. બન્નેની જોડીને જોવા માટે ચાહકો ભારે ઉત્સુક છે. સલમાન ખાન દ્વારા કેટરીના કેફ સાથે તેનો ફોટો રજૂ કર્યો છે. ચાહકો માટે સારા સમાચાર છે કે ફિલ્મમાં ભરપુર એક્શન સીન ઉમેરી દેવામાં આવ્યા છે. યશરાજની ફિલ્મ એક્શનની સાથે સાથે રોમાન્સથી ભરપુર રહેશે. અલી અબ્બાસ જફરની ફિલ્મની પટકથા લખી લેવામાં આવ્યા બાદ હવે શુટિંગ શરૂ કરવામાં આવ્યુ છે.

ઉચ્છલ ખાતે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન ૨૦૦ લાભાર્થીઓને વન અધિકાર પત્રોનું વિતરણ કરાયું

વ્યારા, તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાના વડામથક ઉચ્છલ ખાતે આવેલી સુમુલ શીત કેન્દ્રના સામેના મેદાનમાં કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરની અધ્યક્ષતામાં યોજાયેલા સૌનો સાથ સૌનો વિકાસ કાર્યક્રમ દરમિયાન ૨૦૦ લાભાર્થીઓને જંગલ જમીનના અધિકાર પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

તાપી જિલ્લાના ઉચ્છલ ખાતે તા. ૧૫મી જૂનના રોજ કેન્દ્રના માનવ સંશાધન વિકાસ મંત્રી પ્રકાશ જાવડેકરની અધ્યક્ષતામાં સૌનો સાથ સૌનો વિકાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં રાજયના આદિજાતિ વિકાસ, વન અને પ્રવાસન મંત્રી અને તાપી જિલ્લાના પ્રભારી મંત્રી ગણપતસિંહ વસાવાની ઉપસ્થિતિમાં ૨૦૦ લાભાર્થીઓને જંગલ જમીનના અધિકાર પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. ૨૦૦ લાભાર્થીઓને ૩૦૦ એકર જમીનના ૭/૧૨ અને ૮-અના નકશા સાથેના ઉતારાની નકલોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આઈએન્ડએફએસે 'જીનેઓ'ના લોન્ચિંગ માટે ગૂગલ સાથે જોડાણ કર્યું

આઈએલએન્ડએફએસ ગ્રૂપના સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એકમ આઈએલએન્ડએફએસ એજ્યુકેશન એન્ડ ટેક્નોલોજી સર્વિસીસ લિ. (આઈઈટીએસ)એ કે-૧૨ સેગમેન્ટને લક્ષ્યાંક બનાવતા પર્સનલાઈઝ્ડ ડિજિટલ લર્નિંગ પ્લેટફોર્મ 'જીનેઓ'ના લોન્ચિંગ સાથે આજે ઓનલાઈન શિક્ષણ બજારમાં પ્રવેશ કર્યો છે. શિક્ષણ માટે ગૂગલના ટેકનિકલ સહયોગમાં આ પ્લેટફોર્મ વિકસાવવામાં આવ્યું છે.

એક ઈવેન્ટમાં આઈએલએન્ડએફએસ ગ્રૂપના ચેરમેન શ્રી રવિ પાર્થસારથીએ આ પ્લેટફોર્મ લોન્ચ કર્યું હતું. આ પ્રસંગે આઈએલએન્ડએફએસ ગ્રૂપના વાઈસ ચેરમેન શ્રી હરિ શંકરન, આઈઆઈટી બોમ્બેના રિરેક્ટર પ્રો. દેવાંગ વી. ખખર, આઈએલએન્ડએફએસ એજ્યુકેશન એન્ડ ટેક્નોલોજી સર્વિસીસ લિ.ના એમડી અને સીઈઓ શ્રી આર. સી. એમ. રેડ્ડી અને ગૂગલના ક્લાઉડ કમ્પ્યુટિંગ પ્લેટફોર્મના સ્ટાર્ટ અપ લીડ સુશ્રી અનુજા શુક્લા ઉપસ્થિત રહ્યા હતા. પ્રારંભિક તબક્કામાં જીનેઓને આઈએલએન્ડએફએસ એજ્યુકેશનના અંદાજે એક લાખ વિદ્યાર્થીઓના આધારનો લાભ મળશે.

આ પ્લેટફોર્મના ફિચર્સ પર પ્રકાશ પાડતાં શ્રી આર. સી. એમ. રેડ્ડીએ જણાવ્યું હતું કે, 'જીનેઓ કે-૧૨ વિદ્યાર્થીઓ માટે વિશેષરૂપે તૈયાર કરાયેલું પર્સનલાઈઝ્ડ ડિજિટલ લર્નિંગ પ્લેટફોર્મ છે. શિક્ષમ માટે ગૂગલ સાથે ટેકનિકલ સહયોગમાં તૈયાર કારેયલું જીનેઓ એપ ક્લાઉડ મોડેલનો ઉપયોગ કરે છે, જે વિદ્યાર્થીઓને અનેક સ્રોતમાંથી તૈયાર કરાયેલ ડિજિટલ કન્ટેન્ટ પૂરું પાડે છે. ચોવીસ ક્લાક રીમોટ મેન્ટર સહાય ઓફર કરતા જીનેઓનો મોબાઈલ ફોન્સ, લેપટોપ્સ, પીસી, ટેબ્લેટ્સ અને ક્રોમબૂક્સ સહિતના પ્લેટફોર્મ્સ પર સરળતાથી ઉપયોગ કરી શકાય છે.' (૧-૭)

ભાવનગર કારખાનાના શ્રી વિમલેશ ચંદ્રને લિમ્કા બુક ઓફ રેકોર્ડનો એવોર્ડ



પશ્ચિમ રેલવેના ભાવનગર સ્થિત વર્કશોપમાં સહાયક કારખાના પ્રબંધક પદ પર કાર્યરત વિમલેશ ચંદ્ર ને હાલમાં લિમ્કા બુક વર્લ્ડ રેકોર્ડ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેમને પ.રે. મહાપ્રબંધક સહિત ઘણા અન્ય પુરસ્કાર પણ મળી ચૂક્યા છે. તેમને પોતાની રુચિ હોવાથી રેલવે વિશે લખવાનું, સ્ટેશનો અને સ્ટેશન બોર્ડના ફોટાઓ કલેક્ટ કરવાનું શરૂ કર્યું, તેમના રેલવેથી સંબંધિત લેખો નિયમિત રીતે વિવિધ પત્ર પત્રિકાઓમાં છપાતા રહે છે. તેમનું પુસ્તક ભારતીય રેલ પરિચયને રેલવે બોર્ડ દ્વારા પુરસ્કૃત કરવામાં આવેલ છે. તેમના કલેક્શનમાં ચોસઠ હજારથી પણ વધુ રેલવે સંબંધિત ફોટાઓ તથા સાત હજાર થી પણ વધુ રેલવે સ્ટેશનોના ફોટા છે. જે રાષ્ટ્રીય રેકોર્ડ છે. આ સિધ્ધી માટે તેમને લિમ્કા બુક ઓફ રેકોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. ભાવનગરના મુખ્ય કારખાના પ્રબંધક આર.વી.વિજયવર્ગીય સહિત તમામ કર્મચારીઓએ તેમને શુભેચ્છાઓ પાઠવી છે.

ઓહ માય ડોગ !! સોની બીબીસી અર્થ પર બિનપરંપરાગત પશુ-આધારિત રિયાલિટી શો ડુ નો દોમ ડોગ જુઓ

ટ્યુન-ઈન નોંધ

શબ્દસમૂહ 'કૂતરો એ એક માણસનો શ્રેષ્ઠ મિત્ર છે' એક ખૂબ સામાન્ય વાત છે. આ કારણ છે કે, રુંવાટીવાળું, આરાધ્ય અને પ્રેમાળ પાલતુ તેના પરિવારની ખુશીમાં ફેલાવે છે જે તેની સંભાળ લેવાનું પસંદ કરે છે. પરંતુ આ હંમેશા સાચું નથી. કેટલીકવાર, માનવીઓ તેમની જવાબદારીઓ પર ટૂંકા હોય છે. હકીકતમાં, મોટાભાગના કિસ્સામાં, પાલતુના ખરાબ વર્તન, તેમના તરફ માલિકના વર્તનનું પરિણામ છે. ૧ જૂન, ૨૦૧૭ ના રોજ ૧૦ વાગ્યે સોની બીબીસી અર્થ પર માત્ર 'ડોગ પર દોષ નહીં' અનન્ય શ્રેણી જુઓ.

આ શો તમને તેમના પાળતું તરફના ખરાબ વલણ સાથે યુવાન કૂતરા માલિકોની ભવ્ય સફર પર લઈ જાય છે. તેમની માનસિકતા હકારાત્મક રીતે બદલાઈ જાય છે જ્યારે તેઓ એવા લોકો સાથે રહે છે કે જે તેમના અસ્તિત્વ માટેના કુતરા પર આધાર રાખે છે.

દોષ ન દોરો, ૧૯ મી જૂનથી ૧૦ વાગ્યે શરૂ થઈ રહેલી પ્રેરણાદાયી કથાઓ સાથે તમારા મનને ઉડાવી દેશે, સોની બીબીસી પૃથ્વી પર ઈ ૧૦ ફેઈઅલ એલાઈવ. (૨૦-૪)

આવાસ યોજના મનુષ્ય માટે બનાવી પણ હવે : પક્ષીઓ માટે આવાસ યોજના

પક્ષીઓને ઠંડક આપતા દ્યમજી ના માળા

જિતેન્દ્ર ભટ્ટ
Email: bhattjioffice@gmail.com

ઈશ્વરે જગતનું સર્જન કર્યું. વનસ્પતિ સૃષ્ટિ, પ્રાણી સૃષ્ટિની રચના કરી, ઈશ્વરે દરેક માટે જરૂરિયાત પ્રમાણે કંઈને કંઈ બનાવ્યું. હવા, પાણી, ખોરાક, રહેઠાણની વ્યવસ્થા કરી, પણ માનવીએ જ્યારે પોતાનું પારેતા પ્રકાશવાનું શરૂ કર્યું. ત્યારથી ઈશ્વરની તમામ રચનાઓને પોતાના સ્વાર્થ માટે નુકસાન કરવાનું શરૂ કરી દીધું, જંગલો, વૃક્ષો ભિન્ન ભિન્ન પશુ-પક્ષીઓના આહાર અને રહેઠાણ તરીકે ઈશ્વરે રચ્યાં, તે વૃક્ષો-જંગલો-કાપી-કાપી જેતે પશુપંખીઓ ને આહાર અને રહેઠાણ વિહોણા બનાવી દીધાં અને પોતે સિમેન્ટ-કોન્ક્રેટના જંગલો ઠેર-ઠેર ઉભા કરી દીધાં.

જેને લીધે અનેક પશુ- પંખીઓ આજકલ જોવા પણ મળતા નથી. તેમની જાતિ પ્રજાતિઓ લુપ્ત થવા લાગી છે.તમે કદાચ ધ્યાનમાં લીધું હોય તો સવારના પરોઢથી કલરવ કરતી ચકલીઓ, કાબરો અત્યારે તો શહેરોમાં શોધી મળતી નથી, ત્યારે આવાં પક્ષીઓ ખીસકોલીઓ જેવા પ્રાણી વિષે પણ સુંદર મહેલોમાં ઘરોમાં રહે તો માણસ વિચારે તો એ કદાચ ઈશ્વરનું કાર્ય માટે વિચારેલું લેખાય. આવો જ એક વિચાર મગજમાં સ્ફૂર્યો એક વ્યક્તિએ આવાં પ્રાણીઓ- પંખીઓ માટે મકાન ઘર બનાવવાનો વિચાર કર્યો જે ખરેખર ઘણો જ ઉમદા વિચાર છે. કેટલાક પ્રકૃતિ પ્રેમી મિત્રો, અને બિલ્ડરોની મદદ અને રાહબરી હેઠળ ઉમદા વિચાર ધરાવતા પણ સામાન્ય માટી કામના કલાકાર એવા દામજીભાઈ કેશુભાઈ (પ્રજાપતિ) પક્ષીઓ, ખીસકોલીઓ વગેરે માટે સુંદર માટીના માળા રહેણાંકનું સર્જન કર્યું. મકાનોની છત, બાલ્કની, માળા વગેરે પર મુકી શકાય એવા આ માળા ખરેખર અપનાવવા લાયક છે. જો આ પ્રકારના માળાઓ નાનાં પ્રાણીએ તથા પંખીઓ માટે ઠેરઠેર રાખવામાં આવશે તો નિર્ભય થઈ આ પ્રાણીએ તથા પંખીઓ પોતાનું તથા પોતાનાં બચ્ચાનું જતન કરી શકશે તથા તેમને આ દુનિયામાંથી લુપ્ત થતાં બચાવી શકશે અને પ્રકૃતિની રચનાનું આપણે જતન કરીશું તો ખરેખર આપણે ઈશ્વરની સાચા અર્થમાં સાધના કે ઉપાસના કરી ગણાશે.

નામશેષ થઈ રહેલાં પક્ષીઓ આખી દુનિયામાં વૃક્ષો કપાતા જાય છે. જંગલોમાં ભેદી આગ લાગે છે. સિમેન્ટ નૈસર્ગિક સંતુલન ઘટતું જાય છે. પ્રદૂષણ વધતું જાય છે.માનવજાત પોતાનો લોભ જરૂરિયાત અને મોજશોખ માટે પ્રકૃતિની સંપત્તિનો મનફાવે તેમ આર્થિક લાભ માટે મોટા પ્રમાણમાં ઉપયોગ કરે છે.તે બધાયની માઠી અસર કુદરતના ખોળે મુક્તપણે વિહરતાં પશુ- પક્ષીઓથી માંડીને જીવજંતુઓ પર પડે છે. સમગ્ર વિશ્વમાં પક્ષીઓની લગભગ ૨૦૦ થી વધારે પ્રજાતિઓ નામશેષ એટલે કે વિલુપ્ત થવાના આરે આવી ગઈ છે. પક્ષીઓની સંખ્યામાં દિવસેને દિવસે ઘટાડો થતો જાય છે. જે પક્ષીઓ ભોજન પાણી અને વસવાટની શોધમાં સેંકડો માઈલની મુસાફરી કરે છે તે પક્ષીઓએ ટ્રાંસમીશન ટાયર્સ વિમાનો બહુમાળી ઈમારતો સડકો પર દોડતા વાહનો વીજળીના તાર સાથે અથડાવવાની અને જુદાજુદા પ્રકારના પ્રદૂષણોથી જાન ગુમાવવો પડે છે. વિવિધ જાતના પક્ષીઓ પણ એવી જ સ્થિતિમાં મુકાઈ ગયા છે તેમાં પણ એવી જ સ્થિતિમાં મુકાઈ ગયા છે.તેમાં પણ હિમાલયના માઉન્ટેન કેવલ તરીકે ઓળખાતી પંખીની જાત સંપૂર્ણ પણે નામશેષ પામી છે.ગુલાબી બતકોનું અસ્તિત્વ પણ જોખમમાં મુકાઈ ગયું છે. વિશ્વમાં ૨૨૮ વિવિધ જાતીના પક્ષીઓ ક્યારનાં નામશેષ થઈ ગયા છે. બીજી ૨૮ જાતીના પંખીઓની સંખ્યા તો ૧૦૦ કરતાં પણ ઓછી હોવાથી ને જાતી ક્યારે ખલાસ થઈ જશે તે કંઈ કહેવાય નહીં. કેટલાક પ્રવાસી પક્ષીઓ જોરદાર પવનની દિશામાં ઉડતાં ઉડતાં થાકી જઈને દરિયાનાં પાણીમાં પડીને ડુબી જાય છે. તો કેટલાક પક્ષીઓ ઝેરી રસાયણો અને જંતુનાશક દવાઓનો ભોગ બને છે.

હારપાડા ખાતે યોજાયો સેવા સેતુ કાર્યક્રમ : કલેક્ટર શ્રી બી.કે. કુમારે લીધી મુલાકાત

ડાંગ: અંતરિયાળ વિસ્તારનાં પ્રજાજનોને તેમના રોજંદા નાના મોટા સરકારી કામો માટે છેક તાલુકા કે જિલ્લા મથકો સુધી જવુ ન પડે તે માટે, રાજય સરકારે સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી તેમને ઘરઆંગણે જ વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરાવવાનું આયોજન કયુ છે, તેમ ડાંગ કલેક્ટર શ્રી બી.કે.કુમારે જિલ્લાની પૂર્વપટ્ટના સરહદી ગામ એવા હારપાડા ખાતે જણાવ્યું હતું.

આહવા તાલુકાના બીજા તબક્કાના હારપાડા ખાતેના સેવા સેતુ કાર્યક્રમની જાત મુલાકાત લેતા કલેક્ટર શ્રી બી.કે.કુમારે ગ્રામ્ય લાભાર્થીઓને વિવિધ લાભોનું વિતરણ કરી, જુદી જુદી સેવાઓની ઉપલબ્ધતાની વિગતો મેળવી ઉપયોગી સૂચનો કર્યા હતા. શ્રી કુમારે અરજદારોને ઘરઆંગણે જ બધી સેવાઓ પ્રાપ્ત થાય તેવા પ્રયાસોની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી, સેવામાં કોઈ પણ પ્રકારની ત્રુટીઓ ન રહે તે બાબતે ચોક્સાઈ જાળવવાની પણ સૂચના આપી હતી.

કાર્યક્રમની શરૂઆતે ઉપસ્થિત અરજદારો, ગ્રામજનોને માર્ગદર્શન આપતા પ્રાંત અધિકારી શ્રી બી.એમ.ભાભોરે આગામી તા.૧લી જુલાઇ, ૨૦૧૭થી જે રેશનકાર્ડ ધારકોના પરિવારજનોના આધાર નંબરનું જાડાણ રેશનકાર્ડ સાથે નહી થયુ હોય તેમને અનાજ મળી શકે નહી તેમ હોઇ, પરિવારના તમામ સભ્યોના આધારકાર્ડ કઢાવી, રેશનકાર્ડ સાથે તેનું સ્થળ ઉપર જ જાડાણ કરવાની ઉપલબ્ધ સેવાઓનો લાભ લેવા આહ્વાન કયુ હતું.

માં વાત્સલ્ય અને માં અમૃતમ કાર્ડ જેવા આરોગ્યની સવલત પુરી પાડતા કાર્ડ પણ અહીં વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યાં છે તેમ જણાવી શ્રી ભાભોરે વન વિભાગ દ્વારા કાજુ, સરગવો, નિલગીરી, બંગાળી બાવળ જેવા વૃક્ષોના રોપાઓનું પણ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવી રહ્યાં છે તેમ જણાવ્યું હતું.

હારપાડા પ્રાથમિક શાળા ખાતે હારપાડા સહિત ટાંકલીપાડા, ચિંચલી, મોરઝીરા, ડોન અને મહાલપાડા ગૃપ ગ્રામ પંચાયતોમાં સમાવિષ્ટ ૨૮ ગામોનાં પ્રજાજનો માટે આયોજિત આ કાર્યક્રમમાં નાયબ વન સંરક્ષક (ઉ) શ્રી આનંદ કુમાર, મામલતદાર શ્રી ઉદેસિંગ રાઠવા, તાલુકા વિકાસ અધિકારી શ્રી રાજુભાઇ દૂધાણે, સંબંધિત ગામોના સરપંચશ્રીઓ, સ્થાનિક પદાધિકારીઓ, અધિકારીઓ, કર્મયોગીઓ, માહિતી વિભાગની ટીમ અને ગ્રામજનો વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

રાજય સરકારની વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓની જાણકારી-માહિતી પુરી પાડતી પુસ્તિકા, સાહિત્યનું પણ આ વેળા માહિતી કચેરી દ્વારા વિતરણ કરાયુ હતું.

યુવાનોને ભાવિ લીડર્સ તરીકે વિકસિત કરવા માટે લીડરશીપ ઈન એક્શન સમર કેમ્પનું સફળ આયોજન

અમદાવાદ, બિઝનેસમાં વ્યક્તિગત કે સંસ્થાકીય વિકાસ અને ઉત્તમ જીવન તેમજ વ્યક્તિગત રીતે પરિવર્તન માટે બે દાયકાથી કાર્યરત અનલિમિટેડ ઉન્નતિ પ્રા. લિ એ આજે સાત દિવસીય લીડરશીપ ઈન એક્શનનું સફળ સમાપન થયાની ઘોષણા કરી હતી જેનું આયોજન ઉ-દયપુરના હેરિટેજ રિસોર્ટમાં ૨૨ મે, ૨૦૧૭ - ૨૯ મે, ૨૦૧૭ દરમિયાન થયું હતું.

ખાસ કરીને ૭થી ૧૮ વર્ષની વયના બાળકો માટે ડિઝાઈન થયેલ લીડરશીપ ઈન એક્શન (એલઆઈએ) કેમ્પ સાત દિવસનો કેમ્પ હતો જેમાં બાળકોને લીડરશીપ સ્કીલ્સ તરીકે વિચારવાનો, વિકસાવવાનો અને તેની પ્રેક્ટીસનો હેતુ હતો જે શાળા કોલેજોમાં લીડરશીપ માટે પૂરતા પ્રમાણમાં આ યુવાનોને તકો આપતી નથી તેમાં ઉપયોગી બન્યો હતો. કેમ્પમાં યુવા વિદ્યાર્થીઓને વિવિધ આઉટડોર અને એક્સ્પિરેન્શિયલ એક્સરસાઈઝીસમાં સામેલ થવાની તકો મળી હતી.

અનલિમિટેડ ઉન્નતિ પ્રા. લિના ચીફ મેન્ટોર નીરૂ ગુપ્તાએ કહ્યું હતું, 'લીડરશીપ ઈન એક્શન' કેમ્પ તેમાં સામેલ થયેલા ઉમેદવારોને ઊંચા સ્તર સુધી લઈ જાય છે. તેમાં બિહેવીયર, એટીટ્યુડ અને એંગેજમેન્ટ વિશે કેમ્પમાં ઊંચી અપેક્ષા રાખવામાં આવી હતી. બાળકો સક્રિયપણે સામેલ થાય અને ચર્ચાઓ અને અન્ય પ્રવૃતિઓમાં મહત્ત્વની ભૂમિકા ભજવે એવો આગ્રહ હતો. તેઓ પોતે જ પોતાના લક્ષ્યો સ્થાપે, જેમકે કેમ્પમાં અને ત્યાંથી પરત ઘરે ગયા પછી પોતાના લક્ષ્યો પર ચાલે. બાળકોએ લીડરશીપ ઈન એક્શન કેમ્પમાં સામેલ થવા વિચારવું જોઈએ જો તેઓ ખરેખર વ્યક્તિગત રીતે આગળ વધવા માગે છે અથવા લીડર્સ બનવા માગે છે.' (૧૯-૮)

સૂચના

કૃપા કરી આપની જાહેરખબર તથા સમાચાર અમારા નિમ્નલિખિત ઈ-મેલ પર જ મોકલશો :
lokmitra1948@gmail.com